
# પ્રેમના પ્રકાશ-પથ
# પર
# પરિવહન

પ્રિય મિત્રો,

1940ના દાયકામાં બાબુજી મહારાજે પુસ્તકોની એક શ્રેણી લખી હતી, જેમાં તેમણે માનવીની 'કેન્દ્ર' તરફની આંતરિક યાત્રાનું વર્ણન કર્યું છે. આ 'કેન્દ્ર', એટલે સૃષ્ટિ અસ્તિત્વમાં આવી, તે પહેલાંથી અસ્તિત્વ ધરાવતી પૂર્ણ સ્થિતિ અને સઘળી બાબતોનો સર્જનાત્મક સ્રોત. તેમણે આ યાત્રા દરમિયાન રસ્તામાં આવતા અવરોધોનું વર્ણન પણ કર્યું છે અને તે અવરોધોના ઉકેલો પણ આપ્યા છે. તેનાથી પણ વધુ આશ્ચર્યજનક બાબત એ છે કે તેમણે આપણને એ પણ જણાવ્યું છે કે તે યાત્રા કેટલી સરળ છે. આ યાત્રાને સમજવામાં મદદ મળી રહે તે માટે તેમણે પોતાની જાતને  માર્ગદર્શક તરીકે રજૂ કરીને તથા સરળ આકૃતિઓનો ઉપયોગ કરીને આપણને વિપુલ પ્રમાણમાં ઉકેલો પણ આપ્યા છે. સમગ્ર વિશ્વને અત્યંત ગહન અને ગુઢ જ્ઞાન આમ અચાનક જ મળી આવ્યું છે. બાબુજીએ કોઈપણ ભેદભાવ વગર, કોઈપણ સંસ્કૃતિ કે કોઈપણ સમાજમાંથી આવતા, તમામ વયના દરેકને આવકાર્યા હતાં. તેમનું સ્વપ્નું હતું કે આપણે બધા પ્રેમપૂર્વક 'કેન્દ્ર' તરફ આગળ વધીએ અને મનુષ્ય તરીકેની આપણી સર્વોચ્ચ ક્ષમતા પ્રાપ્ત કરીએ. તેમણે તેમના પોતાના વ્યક્તિગત અનુભવો દ્વારા આ અધ્યાત્મિક યાત્રાનું

વૈજ્ઞાનિક રીતે વર્ણન કરીને તથા સચોટ, સ્પષ્ટ અને સરળ આકૃતિઓ અને સૂચનાઓ આપીને, આપણને માર્ગદર્શન આપ્યું છે.

તેમણે આપેલી આકૃતિઓમાંની એક આકૃતિ 23 વર્તુળોની છે, જે આપણી અંદરની 'કેન્દ્ર' તરફની યાત્રા દરમિયાન આપણે પસાર કરવાના વિવિધ તબક્કાઓ અથવા સ્તરો દર્શાવે છે. આપણે બાહ્ય આવૃત્તથી શરૂ કરીને આપણા સૂક્ષ્મ શરીરની શરીરરચનાને દર્શાવતા વિવિધ ચક્રોમાંથી પસાર થતા જઇએ છીએ. બાબુજીએ ત્રણ ક્ષેત્રોનું પણ વર્ણન કર્યું છે, જેમાં આ ચક્રો આવેલા છે – હૃદય ક્ષેત્ર, મનસ ક્ષેત્ર અને કેન્દ્રીય ક્ષેત્ર. આ તમામ, 'કેન્દ્ર' તરફ જવાના માર્ગમાં આવતા તબક્કાઓ છે. જો તમે બાબુજીના આ વર્ણનોથી પરિચિત ન હો, તો તમને આ




## મુક્તિ તરફ પ્રયાણ

વિષય પરનાં તેમના પુસ્તકો – ‘સત્યનો ઉદય’, ‘રાજયોગની અસરકારકતા’ અને ‘ ‘અનંત’ની તરફ’ વાંચવા ગમશે. જોકે વધારે સારી બાબત તો એ જ હોઈ શકે કે તમે પોતે જ આ યાત્રાનો અનુભવ કરો. અલબત્ત, જે રીતે વિશ્વના નકશા પરની અક્ષાંશ અને રેખાંશની રેખાઓ કંઈ વાસ્તવિક નથી હોતી, તે જ રીતે આ 23 વર્તુળો પણ વાસ્તવિક વર્તુળો નથી. તે માત્ર સંદર્ભ માટેના બિંદુઓ જ છે.

આ આંતરિક સફર પર આપણને કેવી રીતે આગળ લઇ જવામાં આવે છે? પ્રેમના પ્રકાશ-પથ પર આપણું પરિવહન થાય છે. જોકે માર્ગમાં અવરોધો પણ છે. હવે, આ અવરોધો ક્યા છે? તથા તે બધાને કેવી રીતે ઓળંગી શકાય?

જે રીતે પ્રકાશના એક કિરણને એકદમ પારદર્શક દેખાતો એવો એક કાચ પણ અમુક અંશે તો વાળી જ દે છે અને તે કિરણ વિકૃત થયેલું દેખાય છે, તે જ રીતે એક અતિ સૂક્ષ્મ અવરોધક આવરણ દ્વારા પણ પ્રેમનો પથ વિચલિત થઇ જાય છે. જો આવું કોઈ અવરોધક આવરણ ન હોત, તો આપણે બધા ‘કેન્દ્ર’માંથી વહેતા શુદ્ધ પ્રેમનો સીધો અનુભવ કરી શકત



જે રીતે પ્રકાશના એક કિરણને એકદમ પારદર્શક દેખાતો એવો એક કાચ પણ અમુક અંશે તો વાળી જ દે છે અને તે કિરણ વિકૃત થયેલું દેખાય છે, તે જ રીતે એક અતિ સૂક્ષ્મ અવરોધક આવરણ દ્વારા પણ પ્રેમનો પથ વિચલિત થઇ જાય છે. જો આવું કોઈ અવરોધક આવરણ ન હોત, તો આપણે બધા ‘કેન્દ્ર’માંથી વહેતા શુદ્ધ પ્રેમનો સીધો અનુભવ કરી શકત અને આપણને આ આંતરિક યાત્રાની જરૂર પણ ન પડી હોત. પરંતુ માનવ અસ્તિત્વની ખાસિયત એ છે કે આપણી દ્રષ્ટિ સમક્ષ પણ આવાં અવરોધક આવરણો છે, પરંતુ આપણે આ 23 વર્તુળો મારફતે ઉત્તરોત્તર ‘કેન્દ્ર’ તરફ આગળ વધતા રહેવું જોઈએ અને તે દ્વારા આપણી ક્ષમતાને તથા શક્તિને વધારતા રહેવું જોઈએ. પરંતુ માનવ અસ્તિત્વની ખાસિયત એ છે કે આવાં અવરોધક આવરણો હોવા છતાં આ 23 વર્તુળો મારફતે આપણે એક એક પગલું આગળ વધતાં આગળ યાત્રા કરવી જોઈએ અને તે દ્વારા આપણી ક્ષમતાને તથા શક્તિને વધારતા રહેવું જોઈએ.

પરિઘ અને 'કેન્દ્ર' વચ્ચે ઘણા બધા આવરણો મોજૂદ છે. પરિઘ પર આપણો પ્રેમ આપણી ઈચ્છાઓની ખેંચ-તાણને સંતોષતો રહેતો હોવાથી તે બાહ્ય-લક્ષી હોવાની શક્યતા વધારે હોય છે. દાખલા તરીકે, બાળકનો પ્રેમ માતાપિતા તરફ અને રમકડાં તરફ ખેંચાતો રહેતો હોય છે, કિશોર વયે તેનો પ્રેમ પ્રણય તરફ અને મિત્રતા તરફ ખેંચાતો રહેતો હોય છે અને પુખ્ત વયે કૌટુંબિક જીવન, કારકિર્દી, રમતગમત, શોખ, સંપત્તિ તથા મોબાઈલ-કોમ્પ્યુટર જેવા સાધનો દ્વારા ખેંચાતો રહેતો હોય છે. ક્યારેક લોભ, ઈર્ષ્યા, અદેખાઈ, હરીફાઈ અને નારાજગી તેની પર હાવી થઇ જાય છે. એ પછી આ સંજોગોમાં પ્રેમ માલિકીપણાની ભાવના વાળો અને સ્વકેન્દ્રી બની જાય છે. જ્યારે આવું થાય છે, ત્યારે જે રીતે પ્રકાશનું એક કિરણ આકાશ-ગંગામાં આવેલા 'બ્લેક-હોલ'માં ફસાઈ રહે છે, તે જ રીતે આપણો પ્રેમ પણ આ આવરણોમાં જ અટવાયેલો રહે છે. ધીમે ધીમે આપણા અભ્યાસ દ્વારા, આપણે આ લાગણીઓ પર કાબુ રાખતાં શીખી લઇએ છીએ અને વધુ સારી સમજ અને સાચી વિચારસરણી સાથે ઉચ્ચ લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી શકીએ છીએ. આપણા પરિવારને તથા આપણા કાર્યોને પ્રેમ કરવાનું ચાલુ રાખવાની સાથે સાથે આપણે ઉચ્ચતર સભાનતા પણ કેળવતા જઈએ છીએ. લાગણીઓ

હૃદય-ક્ષેત્રના પાંચ વર્તુળો મારફતે થતી આપણી આ યાત્રા આપણે હૃદયથી શરૂ કરીએ છીએ. દરેક સ્તરનો બદલાવ એક ભાવનાત્મક આવરણ સાથે સંકળાયેલો હોય છે, જેની શરૂઆત આપણી ઈચ્છાઓથી થાય છે. જે પ્રગતિશીલ પરિવર્તનમાંથી આપણે પસાર થઈએ છીએ, તે પરિવર્તન ખરેખર તો આ અવરોધક આવરણોને છોડી દેવા બાબતે હોય છે.

પરની નિપુણતા આપણને પ્રથમ પડાવ પર લઈ જાય છે. તે પછી, આ માર્ગ પરની આપણી યાત્રા દરમિયાન પણ આપણે આપણી જાતનો જ સામનો કરતા રહેવું પડશે.

હૃદય-ક્ષેત્રના પાંચ વર્તુળો મારફતે થતી આપણી આ યાત્રા આપણે હૃદયથી શરૂ કરીએ છીએ. દરેક સ્તરનો બદલાવ એક ભાવનાત્મક આવરણ સાથે સંકળાયેલો હોય છે, જેની શરૂઆત આપણી ઈચ્છાઓથી થાય છે. જે પ્રગતિશીલ પરિવર્તનમાંથી આપણે પસાર થઈએ છીએ, તે પરિવર્તન ખરેખર તો આ અવરોધક આવરણોને છોડી દેવા બાબતે હોય છે.

આ અવરોધક આવરણો તરીકે આપણે જેને સતત અનુભવતા રહીએ છીએ, તે વાસ્તવમાં એવી જ બધી બાબતો હોય છે કે જેનાથી આપણે સારી રીતે પરિચિત હોઈએ છીએ. દાખલા તરીકે જીવનસાથી સાથેના સંબંધમાં આપણે ઘણીવાર એકબીજાને બંધનમાં બાંધી દેતા હોઈએ છીએ. સેંકડો યુગલોમાંથી, ભાગ્યે જ ત્રણ કે ચાર યુગલને જ યથાર્થ પ્રેમનો આશીર્વાદ પ્રાપ્ત હોય છે. મોટાભાગનામાં માલિકીની ભાવના હોય છે. જેમ આપણી ધાર્મિક માન્યતાઓ આપણા માટે એક અવરોધક આવરણ બને છે અને આપણે ખરેખરું સત્ય જોઈ શકતા નથી, તે જ રીતે આપણી માન્યતાઓ પણ આપણા માટે આવા જ આવરણો બને છે. આ જ કારણે ધર્મ, રાજકારણ અથવા સિદ્ધાંતો બાબતે જેઓ આપણાથી જુદું માનતા હોય, તેમને માટે આપણામાં પૂર્વગ્રહ ઉભો થાય છે.

આ ઉપરાંત આપણા પણ અમુક સિદ્ધાંતો હોય છે, જે આપણને સામાન્ય રીતે ખૂબ જ ગમતા હોય છે, દાખલા તરીકે, પ્રમાણિકતાની અને ન્યાયની જરૂરિયાત. જોકે આમાંના ઘણાં સિદ્ધાંતો ઘણા ઉમદા હોવા છતાં, તે સિદ્ધાંતો બાબતની આપણી કટ્ટરતાને કારણે આપણે જે કંઈ સાચું માનતા હોઈએ, તેના માટે હંમેશાં લડતા જ રહીએ છીએ અને અન્યને માફ કરી શકતા નથી કે જતું કરી શકતા નથી.

આ બધું જ આપણા માટે એક વિકૃત દ્રષ્ટિકોણ ઊભો કરે છે અને છેવટે આપણે લોકો પ્રત્યે નફરત કેળવવા તરફ દોરાઈ જઈએ છીએ અને પ્રેમનો પથ 'કેન્દ્ર' તરફના તેના માર્ગથી દૂર ફંટાઈ જાય છે.

આ બાબતે 'સ્ટાર વોર્સ'ના એનાકિન સ્કાયવોકરનું ઉદાહરણ જાણીતું છે. એનાકિન પાસે ખાસ જેડાઈ બનવાની ક્ષમતા હતી, એવો જેડાઈ કે જે ફોર્સમાં સંતુલન પુનઃસ્થાપિત કરી શકે અને વળી તે એક સહૃદય દયાળુ યુવક પણ હતો, પરંતુ પછીથી તે તેની વ્હાલી માતા અને તેના પ્રિય પેડમેના મૃત્યુના દુઃખના આક્રોશમાં જ ગરકાવ રહ્યો, જે આખરે તેને ડાર્થ વેડરમાં પરિવર્તિત થવા તરફ દોરી ગયો.

અહંકાર એ માનવ-અસ્તિત્વની અંધારી બાજુ છે. આપણા અસ્તિત્વના 'કેન્દ્ર'માંના 'પ્રકાશ'ના સ્ત્રોતથી આપણે જેટલા વધારે દૂર હોઈએ છીએ કે કાળો પડછાયો પણ તેટલો વધારે લાંબો દેખાય છે. અહંકારથી કોને સંતોષ મળ્યો છે? કે અહંકારથી શાની સંતુષ્ટિ થાય છે? જ્યારે અન્ય લોકોના સખત વિરોધનો સામનો કરીને કોઈ આપણી સાથે સંમત થાય છે, ત્યારે તે વ્યક્તિ આપણો શ્રેષ્ઠ મિત્ર બની જાય છે. શા માટે? તેનાથી એકદમ વિપરીત અન્ય ઉદાહરણમાં - આપણી અત્યંત નજીકની વ્યક્તિ જ્યારે આપણી સાથે ઊંડી અસહમતી દર્શાવે છે, ત્યારે ઘણી વખત આપણે આપણું સંતુલન ગુમાવી બેસીએ છીએ.

અહંકાર કરતાં ઈચ્છાઓ બાબતે કાર્ય કરવું ઘણું સરળ હોય છે, કારણ કે ઈચ્છાપૂર્તિ દ્વારા એક વખત સંતોષ મળી જાય એ પછી તે ઈચ્છા ફરી ઊભી થતી નથી, જોકે તે ફરી પાછી આવી પણ શકે છે, પરંતુ તે માટેનો સમય-ગાળો ઘણો લાંબો હોય છે. આ ઉપરાંત, ભોજનની ઇચ્છા અને અન્ય ઇન્દ્રિયોની ઈચ્છાપૂર્તિ ઘણાખરા અંશે સ્વાભાવિક છે. જ્યારે અહંકાર બાબતે, તે અટક્યા વગર ચાલુ રહેતી એક સાતત્યપૂર્ણ પ્રક્રિયા છે. શક્તિ અને હોદ્દો મળતા કે તેના અસ્તિત્વને પ્રોત્સાહન આપે એવી કોઈપણ બાબત મળતાં અહંકાર ખીલી ઉઠે છે. આ લક્ષણ જ આપણને બાકીની પ્રાણી-સૃષ્ટિથી અલગ પાડે છે. આ અહંકાર આપણા ભૌતિક વિકાસ માટે જ બન્યો હોવા છતાં, તે જ અહંકાર આપણી ચેતનાના વિસ્તરણની વિરુદ્ધ કાર્ય કરતો હોય, તેવું જણાય છે.

આવા પતનનો ભય પ્રાણીઓ અને વૃક્ષોને નથી હોતો, પરંતુ સાથે સાથે તેમને ચેતનાની ઉન્નતિનો ફાયદો પણ ઉપલબ્ધ નથી હોતો. વનસ્પતિ જેવું અને પ્રાણી જેવું અહંકાર-રહિત વર્તન કરવા છતાં પણ એ વર્તન આપણને ઉન્નતિ તરફ નથી લઇ જતું. આપણે ઉત્સાહી રહીને, અનંત મહાસાગર સાથે એક થઈને અને અદ્રશ્ય 'દિવ્યતા' સાથે આપણી ઓળખ પ્રસ્થાપિત કરીને, આપણા અહંકારની સતત માંગણીઓથી અને તેના ભારથી આપણી જાતને મુક્ત કરી શકીએ છીએ. જ્યાં સુધી આપણે આપણી ઓળખ બાહ્ય વિશ્વ સાથે કરતા રહીશું, ત્યાં સુધી આપણે કોઈ જ સમયમર્યાદા વગર તેમાં જ ઉલઝાયેલા રહીશું. આ એના જેવું છે કે આપણે પોતે જ જાળું બનાવીએ અને પોતે જ તેમાં ફસાઈ જઈએ.

આપણી 'પ્રાકૃતિક' એટલે કે વિષયજન્ય ઈચ્છાઓ પૂરી કરવા માટે આપણને બાહ્ય-વિશ્વ પરની નિર્ભરતાની જરૂર હંમેશાંથી રહી છે. આ નિર્ભરતા જ આપણને ઈચ્છાઓના ગુલામ બનાવે છે. એક વાઘ જીવન ટકાવી રાખવાની સહજ વૃત્તિને કારણે ભેંસ અથવા હરણનો શિકાર કરે છે. એક સિંહને પ્રજોત્પતિ માટે છ માદા રાખવાનું ગૌરવ મળેલું હોય છે. આ પ્રકૃતિ છે. વધારે સ્પષ્ટપણે કહીએ, તો આ બાહ્ય પ્રકૃતિ છે. આપણે રસગુલ્લા, બિરયાની અથવા પીઝાની જરૂરીયાતથી મુક્ત થઇ શકીએ છીએ, પરંતુ ખોરાકની જરૂરિયાતથી ક્યારેય નહીં. હવે, વ્યક્તિના અહંકારની પૂર્તિ બાબતે શું? શું અહંકાર ઈશ્વરે આપ્યો છે? તે આપણું જ સર્જન છે. તેનો ઉદ્ભવ આંતરિક, અદ્રશ્ય વિશ્વમાંથી થાય છે.

ભૂખ અને તરસ છીપાવવાની તથા કામવાસના પૂરી કરવાની આપણી જરૂરિયાતને તો આપણે સરળતાથી સમજી શકીએ છીએ - તે આવશ્યક જ છે અને પ્રકૃતિની યોજનાના એક ભાગ રૂપે પણ છે. તો શું અહંકાર પણ કુદરતની જ ભેટ છે? જ્યારે પેટ ભારે થઇ જાય અને દુ:ખવા લાગે, ત્યારે તે અંદરથી આવતો એક

સંકેત હોય છે કે હવે વધુ ખોરાક મુશ્કેલી ઊભી કરશે. આમ, સામાન્ય રીતે બિનજરૂરી બાબતો માટે જ ચેતવણી અપાતી હોય છે. અહંકાર પણ બિનજરૂરી છે અને બિનજરૂરી હોય એવી શારીરિક, માનસિક, ભાવનાત્મક કે આધ્યાત્મિક કોઈપણ બાબતની પૂર્તિ કરવી, એ વ્યક્તિના સ્વાસ્થ્યની વિરુદ્ધ જ હોય છે.

મને મળતા મેઈલ હંમેશા જરૂરિયાત-આધારિત જ હોય છે, એવા મેઈલનો કાં તો હું જવાબ આપું છું અથવા તેને ફાઇલ કરી દઉં છું. જ્યારે હું જવાબ નથી આપતો, ત્યારે ઘણી વાર મેઇલ મોકલનાર મને ફરી લખે છે કે, "દાજી, શું તમે મારાથી નારાજ છો?" "ના, ના, હું તમારાથી નારાજ નથી," એવું હું કહું, એવી અપેક્ષા તેઓ મારી પાસે રાખતાં હોય છે. આવા અર્થહીન વાર્તાલાપ બધાના સમયનો બગાડ જ છે. જે લોકો અહંકારના આવા આળ-પંપાળથી અને લાડથી ખુશ રહ્યા કરે છે, તેઓ ભાગ્યે જ આંતરિક ઊંડાણમાં જઈ શકે છે. અહંકારને હંમેશા બાહ્ય

સ્નેહ આગળ વધીને પ્રેમમાં રૂપાંતરિત થાય છે અને છેવટે શરણાગતિની સ્થિતિમાં લય થઇ જાય છે. હવે સ્નેહ પરિપક્વ થઇ, ભક્તિ બની જાય છે.

આળ-પંપાળની જરૂર પડે છે અને તે પણ શક્ય હોય, ત્યાં સુધી એવી વ્યક્તિ પાસેથી કે જે તેમના જેવી હોય કે તેમના માટે ખૂબ આદરને પાત્ર હોય.

અહીં સમાન પ્રકારની વ્યક્તિ કેમ? ભારતીય સંસદમાં સૂટ અને ટાઇ પહેરવાની કોઈ જરૂર ખરી? તમારી ઈર્ષ્યા કોણ કરતું હોય છે? સ્વામી વિવેકાનંદ કે રામકૃષ્ણ પરમહંસની સન્મુખ હીરાનો હાર અને સોનાના દોરામાંથી બનાવેલ બ્લાઉઝ પહેરીને જવાનો કોઈ અર્થ ખરો? શું તેઓ ઈર્ષ્યા અનુભવશે ખરા? તેનાથી વિપરીત, તેઓ દ્વારા તમારી પ્રસંશા ન થવાથી તમારો અહંકાર ચકનાચૂર થઇ જશે. અહંકાર એ સૌથી બહારની સીમા છે, જે તમને તમારા 'કેન્દ્ર'થી દૂર લઈ જાય છે. તે બાહ્યતમ સીમાથી, તમારા પોતાના હૃદયને સાંભળવું ઘણું મુશ્કેલ બની રહે છે. તેને બદલે, તમે અન્ય લોકોની અને તેમના મંતવ્યોની નજીક હો છો. આધ્યાત્મિક વ્યક્તિ માટે આવી વૃત્તિ વિષ સમાન હોય છે.

ઘણીવાર અહંકારની સામૂહિક ઓળખ પણ હોય છે: ઉદાહરણ તરીકે, તમારો દેશ અન્ય દેશોની તુલનામાં શ્રેષ્ઠ છે, એવું માનીને તમે રાષ્ટ્રીય ગૌરવ વિકસાવી શકો છો. વૈજ્ઞાનિકો અને આધ્યાત્મિક લોકો પણ માત્ર તેમના પોતાના દ્રષ્ટિકોણને જ સાચો માનવાની સંકુચિત મનોવૃત્તિ વાળા બની શકે છે. "હું જાણું છું." "હું સાચો છું," એ કદાચ અત્યારના સમયની સૌથી મોટી મહામારી છે. તે એક એવું વિશેષ અર્ધપારદર્શક આવરણ છે કે જે પ્રેમના પ્રકાશ-પથને વિકૃત કરી દે છે.

આપણી આંતરિક યાત્રામાં ભક્તિ, એ આપણી જીવાદોરી છે; તે આપણને પ્રેમના માર્ગ સાથે જોડેલાં રાખે છે. તે કહેવું વધુ યોગ્ય રહેશે કે 'ભક્તિ' પ્રેમના પ્રકાશ-પથને શક્તિ પૂરી પાડે છે.

આપણે આપણી માન્યતાઓ સાથે, આપણા સિદ્ધાંતો સાથે અને આપણા પૂર્વગ્રહો સાથે જેટલા વધારે પ્રમાણમાં જોડાતા હોઈએ, આપણા લક્ષ્ય સુધી લઇ જતા પ્રેમના માર્ગને અટકાવતો અવરોધ પણ એટલો જ મોટો હોય છે. આપણો સામૂહિક અહમ્ વિશેષ રૂપે ખતરનાક છે, કારણ કે તે આપણને ટોળાશાહી તરફ દોરી જાય છે. આપણે આ બાબતને ધાર્મિક કટ્ટરતામાં જોઈ શકીએ છીએ અને જ્યારે સમાજ રાજકારણના રંગે રંગાઈ જાય છે, ત્યારે આ પૂર્વગ્રહો આપણને નફરત તરફ, હિંસા તરફ અને ક્યારેક યુદ્ધ તરફ પણ દોરી જાય છે. આવા વાતાવરણમાં, આપણી આસપાસના લોકો પણ ઘણીવાર આપણને અન્ય દ્રષ્ટિકોણથી જોવામાં મદદ કરવાને બદલે આપણી પોતાની માન્યતાઓને જ મજબૂત કરે છે અને આપણે વધુ સંકુચિત વિચારો ધરાવનાર બની જઈએ છીએ. પરંતુ આત્મીય સંબંધ જો સાચા અર્થમાં પ્રેમમય હોય, તો તે તેની સંકુચિત અસરથી વિપરીત આપણને સમાવેશ તરફ લઈ જાય છે. તે પછી આપણી સભાનતાનો વિસ્તાર થાય છે અને આ જ છે, આપણી આધ્યાત્મિક યાત્રા. આપણને આત્મીય સંબંધની ખબર કેવી રીતે પડે છે? આપણને આ આત્મીય સંબંધની ખબર માતાના ગર્ભના એકદમ શરૂઆતના તબક્કેથી જ પડવા માંડે છે. આપણે મોટા થઈએ એટલે આપણે એવા લોકોને પણ મળીએ છીએ કે જેમની સાથે આપણે આત્મીયતા અનુભવીએ છીએ. આપણને બાળકો પ્રત્યે સ્નેહની તેમજ આપણાં સમવયસ્કો પ્રત્યે પ્રેમની લાગણી થાય છે.

આપણે આપણા માર્ગદર્શક ગુરુજી તથા વડીલો પ્રત્યે પ્રેમ, વિશ્વાસ અને શ્રદ્ધાની લાગણી અનુભવીએ છીએ. આ બધી આત્મીય સંબંધની જ આડ-પેદાશ છે અને જેમ જેમ આપણે આપણી આંતરિક યાત્રામાં આગળ વધીએ છીએ, તેમ તેમ તેમાં વધ-ઘટ આવતી રહે છે. આપણે આ બધી બાબતોનો અનુભવ આપણી જાતને એવું પૂછીને કરી શકીએ છીએ કે, "કોને પ્રેમ કરવો?" "કોની સાથે જોડાવું?" "કોના પર વિશ્વાસ કરવો?" વગેરે. સ્નેહ આગળ વધીને પ્રેમમાં રૂપાંતરિત થાય છે અને છેવટે શરણાગતિની સ્થિતિમાં લય થઇ જાય છે. હવે સ્નેહ પરિપક્વ થઇ, ભક્તિ બની જાય છે.

પ્રેમના પ્રવાહની ગતિ, પ્રકાશની ગતિ કરતાં પણ વધુ હોય છે, તેથી આપણે જો આ બધા અવરોધક આવરણોને દૂર કરી શકીએ, તો આપણે ત્વરિત 'કેન્દ્ર' સુધી પહોંચી શકીએ છીએ. જ્યારે આ ફિલ્ટર્સ દ્વારા બનાવવામાં આવેલા અવરોધો પ્રેમના પ્રવાહને 'કેન્દ્ર'થી દૂર લઇ જાય છે, ત્યારે આપણે ઘણા દુ:ખી થઈએ છીએ. પૂર્વગ્રહ, ઈર્ષ્યા, અદેખાઈ, લોભ, ક્રોધ જેવા કેટલાક અવરોધક આવરણો તો એટલા પ્રભાવશાળી હોય છે, કે તે બધા ભૂગર્ભમાંના પરમાણુ બંકરની જેમ કાર્ય કરે છે - તે કંઈ પણ પસાર થવા દેતા નથી. તે પ્રેમના પ્રવાહને તેની જાદુઈ કામગીરી કરતા અટકાવે છે.

તાજેતરના સમયમાં, મને વધારે ને વધારે ખ્યાલ આવતો જાય છે કે પ્રાચીન ભારતીય પરંપરાઓ, ખાસ કરીને ભક્તિ સૂત્રો આ બાબતે આપણને ઘણું બધું શીખવે છે. આપણે સામાન્ય રીતે ભક્તિનો અર્થ "પ્રેમ અને સમર્પણ" તરીકે કરીએ છીએ, પરંતુ ભક્તિમાં તેના કરતાં પણ વધારે પાયાના મૂળ તત્ત્વો છે. આ

આપણે સાચી 'ભક્તિ' પ્રાપ્ત કરવા માટે, પ્રેમ કરવાની આપણી ક્ષમતાને વિસ્તૃત કરતા રહેવાની જરૂર છે અને તે વિસ્તરણ સમગ્ર વિશ્વને ઘેરી લે, તેવું બનાવવાની જરૂર છે. હૃદયની આ સાચી ઉદારતા આધ્યાત્મિક અભ્યાસનું પરિણામ છે.

સાર્વત્રિક દિવ્ય ચેતના સાથે હૃદય મારફતે થતા આપણી વ્યક્તિગત ચેતનાના જોડાણની, એટલે કે બધી જ બાબતો સાથેના જોડાણની અનુભૂતિ છે. ભક્તિ વિના, આપણે જે કંઈ વિચારીએ છીએ અને કરીએ છીએ તેમાં ઉત્સાહ અને આનંદનું

મહત્વનું તત્ત્વ ખૂટે છે, આમ, તેમાં હેતુનો અભાવ હોય છે. આપણી આંતરિક યાત્રામાં ભક્તિ, એ આપણી જીવાદોરી છે; તે આપણને પ્રેમના માર્ગ સાથે જોડેલાં રાખે છે. તે કહેવું વધુ યોગ્ય રહેશે કે 'ભક્તિ' પ્રેમના પ્રકાશ-પથને શક્તિ પૂરી પાડે છે.

અહંકાર માત્ર વર્ચસ્વ જમાવવાની અને અંગત વિજયની ભાષા જ જાણે છે, પ્રેમની નહીં. નમ્રતા, ગુમનામી અને ખુલ્લા દિલથી અનુકૂળ થવાની ભાષા અહંકારી માટે પરાઈ હોય છે, તેની સમજ બહારની હોય છે. 'કેન્દ્ર' તરફની યાત્રા આપણને ક્રમશઃ એક વર્તુળથી બીજા વર્તુળ તરફ, એક પરિમાણથી બીજા પરિમાણ તરફ લઈ જાય છે અને જો આપણે તેને અનુકૂળ ન થઈ રહીએ, તો આપણે દરેક નવા વાતાવરણને સ્વીકારવા માટે સંઘર્ષ કરતા રહીએ છીએ. એટલા માટે જ ઋષિ-મુનીઓ ચારિત્ર્ય સુધારણાની એટલે કે 'અખલાક'ની જરૂરિયાત વિષે જણાવે છે. તેઓ પોતાનાં અનુભવ પરથી એ જાણી ચૂક્યા હોય છે, કે આપણે આપણા વર્તનને, વિવિધ આધ્યાત્મિક રૂપરેખાઓ પૈકી બદલાતાં રહેતા આંતરિક વાતાવરણને અનુરૂપ બનાવવાની જરૂર છે અને પ્રેમ તે અનુકૂલન શક્ય બનાવે છે. ઉદાહરણ તરીકે, જ્યારે આપણે 'હૃદય ક્ષેત્ર'ના બીજા ચક્ર પર પહોંચીએ છીએ કે જે શાંતિ, સ્થિરતા અને દુન્યવી બાબતોથી મુક્તિ અપાવતું શાંતિનું ઈશ્વરીય

સામાન્ય રીતે, આ ક્રમિક પ્રગતિ આ રીતે થતી હોય છે: આત્મીય સબંધથી સ્નેહ,
સ્નેહથી પ્રેમ અને પ્રેમથી શ્રદ્ધા.

સ્થળ છે, ત્યારે તે સંજોગોમાં શું કોઈ પ્રિય વ્યક્તિ પર ગુસ્સે થવાશે ખરું? આ પ્રકારનું આક્રોશભર્યું વર્તન બીજા ચક્રના આંતરિક પરિમાણ સાથે મેળ ખાતું નથી.

''અનંત'ની તરફ' પુસ્તકમાં, બાબુજી દરેક ચક્ર પરથી તે પછીના ચક્ર તરફની યાત્રા દરમિયાનની હાલતનુ વર્ણન કરે છે. અહીં બાબુજી આપણને પ્રથમ ચક્ર ('હૃદયના ચક્ર') પરની, ગુરુજી દ્વારા આપણામાં ધ્યાન દરમિયાન જીવંત કરવામાં આવેલી હાલતની સંપૂર્ણ સભાનતા કેળવવા માટે અને પછી તેને આત્મસાત કરવા માટે જણાવે છે, જેથી આપણે તે હાલતની સાથે એક થઇ શકીએ. આ પ્રક્રિયા દ્વારા

આપણે ગુરુજી પ્રત્યે સ્વાભાવિક રીતે જ વધારે અને વધારે આત્મીય સંબંધ કેળવતા જઈએ છીએ. બીજા ચક્ર પર, તેઓ આપણને યાદ અપાવે છે કે આ આપણી તીવ્ર ભક્તિ જ આપણને તે પછીના પરિમાણ તરફ દોરી જશે. આપણે કહી શકીએ કે બીજા ચક્રમાં આપવામાં આવેલી પહોંચ, ભક્તિની તીવ્રતાના પ્રમાણમાં હોય છે. ભક્તિ, એ આત્મીય સંબંધનું વધારે ઊંડાણ વાળું સ્તર છે. ત્રીજા ચક્રમાં, આપણે સાચા પ્રેમની આગનો અનુભવ કરીએ છીએ, જે બદલામાં દૈવી કૃપાને આકર્ષે છે અને આપણી યાત્રાને આગળ ધપાવે છે. સ્નેહનો આ ઊંડો અનુભવ એટલો પ્રબળ હોય છે કે તેનાથી 'કેન્દ્ર'નો પ્રતિભાવ મળે છે. આમ, આપણું પ્રેમના પ્રકાશ-પથ પર પરિવહન થતા, દરેક નવા પરિમાણનું અગાઉના પરિમાણ પર નિર્માણ થાય છે.

આપણે સંબંધો દ્વારા પ્રેમ વિશે જાણી શકીએ છીએ. સંબંધો જ આપણા માટે પ્રેમનું તાલીમ-ક્ષેત્ર છે. બાળકો અને પરિવારના સભ્યો તરફનો આત્મીય સંબંધ સ્નેહ રૂપે વ્યક્ત થાય છે, જ્યારે સમાન વયના લોકો વચ્ચે તે ઘેરો થઇ પ્રેમ બને છે, જોકે અહીં પણ અહંકાર વચ્ચે આવે છે. આ સંજોગોમાં, જો આપણે સામાન્ય રીતે આવી પડતા વિઘટનને ટાળવું હોય, તો પોતાની જાતનો અભ્યાસ ખૂબ જ મહત્વ-પૂર્ણ છે. જ્યારે આપણે 'પ્રેમ'થી દૂર થઇ જઈએ છીએ, ત્યારે આવું થાય છે.

પ્રેમ વિકસાવવા માટે આત્મીય સંબંધ એક જરૂરી પગલું હોવા છતાં, જો આપણે કોઈ ચોક્કસ સ્તર સાથે લગાવ અનુભવીએ, તો તે એક ફસાઈ જવાય, તેવી જાળ પણ બની શકે છે અને આપણે અટકી પડીએ છીએ. ઉદાહરણ તરીકે, જ્યારે આપણે ફક્ત કુટુંબ પર જ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, ત્યારે આપણે આપણા પ્રેમને સમુદાય સુધી કે પછી માનવતાના તે પછીનાં સ્તર સુધી, કે પછી સમગ્ર સર્જનનાં સ્તર સુધી વિસ્તૃત કરી શકતા નથી. જ્યારે પ્રેમનો પ્રવાહ સંકુચિત હોય છે, ત્યારે આપણે બધાને પ્રેમ કરી શકતા નથી. આપણે સાચી 'ભક્તિ' પ્રાપ્ત કરવા માટે, પ્રેમ કરવાની આપણી ક્ષમતાને વિસ્તૃત કરતા રહેવાની જરૂર છે અને તે વિસ્તરણ સમગ્ર વિશ્વને ઘેરી લે, તેવું બનાવવાની જરૂર છે. હૃદયની આ સાચી ઉદારતા આધ્યાત્મિક અભ્યાસનું પરિણામ છે.

સામાન્ય રીતે, આ ક્રમિક પ્રગતિ આ રીતે થતી હોય છે: આત્મીય સંબંધથી સ્નેહ, સ્નેહથી પ્રેમ અને પ્રેમથી શ્રદ્ધા. શ્રદ્ધા એ એક ખૂબ જ ઉચ્ચ પ્રાપ્તિ છે, જેમાં સાચી શ્રદ્ધા શરણાગતિમાં પરિણમે છે. આપણે આ પ્રગતિનાં બધા જ ક્રમિક તબક્કાઓમાંથી પસાર થઈએ છીએ. પરંતુ તે પછી શું થાય છે? છેવટે આપણે ક્યાં પહોંચીશું? ભક્તિનો ઉદ્દેશ માત્ર આપણને પ્રેમના માર્ગ પર સરળતાથી અને સહેલાઇથી યાત્રા કરવામાં મદદ કરવાનો છે, જેથી આપણે 'પરમ તત્ત્વ' ' સાથે

લય થઇ શકીએ. લયાવસ્થામાં આપણી ઇચ્છાઓના, લાગણીઓના અને અહંકારના આવરણો દૂર થઇ ગયા હોવાથી, યાત્રાનો પથ એકદમ સરળ બની રહે છે. આ તબક્કે તમને એવું લાગે શકે છે કે હવે તો આપણે 'કેન્દ્ર' પર પહોંચી ગયા છીએ, પરંતુ હજુ વાર છે. હવે જ, આ લયાવસ્થા પર પહોંચ્યા પછી જ, સાચી યાત્રા ખરેખર શરૂ થાય છે! સરળ શબ્દોમાં કહીએ તો, એકવાર તમે તમારી ઇચ્છાઓનો ત્યાગ કરી દો, એટલે તમને મુક્તિ તો ચોક્કસપણે મળવાની જ છે. એકવાર અહંકાર દૂર થઈ જાય, એટલે લયાવસ્થા તરત આવી જ જવાની છે.

હવે આપણે 'કેન્દ્રીય ક્ષેત્ર'માં પ્રવેશ કરીએ છીએ અને તેમાં પણ સાત વર્તુળો છે, જેને 'ભવ્યતાના વર્તુળો' તરીકે ઓળખવામાં આવે છે. આપણે ઉત્કૃષ્ટ પ્રકારની અતિચેતનાનો અનુભવ કરતાં કરતાં, આગળ વધવાનું ચાલુ રાખીએ છીએ. આ ક્ષેત્રમાં ચેતના તેનું મૂળ સ્વરૂપ ધારણ કરે છે. ઇચ્છા, લાગણી અને અહંકારનાં વર્તુળોની આગળ, હવે આ 'પરમ તત્ત્વનું' ધામ છે. અહીંથી આપણે આપણી સૂક્ષ્મ ઓળખના વિવિધ સ્તરોમાંથી પસાર થઇ, અન્-અસ્તિત્વ તરફ આગળ વધીએ છીએ. 'કેન્દ્રીય ક્ષેત્ર' સ્વચાલનના તબક્કાથી શરૂ થાય છે – એટલે કે બધું જ આપમેળે થઈ રહ્યું છે, તેવી સૂક્ષ્મ સભાનતાથી શરૂ થાય છે. હવે કોઈપણ પ્રવૃત્તિમાં "કર્તાપણા"ની ભાવના નથી હોતી. સ્વચાલન અનાયાસ હોય છે અને 'કુદરત' સાથે સુસંગત હોય છે.

આ પછીના તબક્કે, સ્વચાલનનો ભાવ પણ જતો રહે છે. આ બાબત સમજવાની એકદમ સરળ રીત એ છે કે તમારા જીવનના રોજબરોજના કાર્યો દરમિયાન એવી કલ્પના કરો કે જાણે તમે ગાઢ નિદ્રામાં છો. 'જ્ઞાનવિહીનતા'ની આ અવસ્થામાં, ક્રિયાઓ કોઈ છાપ છોડતી નથી. માનસિક સ્તરે આપણે વિચારોમાં કે ક્રિયાઓમાં સામેલ નથી હોતા.

હજી વધુ આગળ, જેમ પ્રેમનો પ્રવાહ આપણને આનાથી પણ વધુ 'કેન્દ્ર'ની નજીક લઈ જાય છે, તેમ જ્ઞાનવિહીનતાની અવસ્થા હજી વધારે શુદ્ધ થઇ, માત્ર વિશુદ્ધ ઓળખ બની રહે છે. બધી મર્યાદાઓ દૂર થઈ ગઈ હોવા છતાં પણ આ હજુ અંત નથી. હજુ ત્યાં સુષુપ્ત ગતિ છે.

આપણે 'કેન્દ્ર' તરફ તરવાનું ચાલુ રાખીએ છીએ. બાબુજી 'કેન્દ્ર'ને ગતિહીન અને "પોતે જ પોતાનામાં અનંત" તરીકે વર્ણવે છે કે જ્યાં અસલી અજાયબી અને સર્વોચ્ચ પ્રકારનું આશ્ચર્ય જોવા મળતું હોય. આ એ જ ગતિહીન 'કેન્દ્ર' છે, જે સુષુપ્ત ગતિ જાળવી રાખે છે અને સમગ્ર 'બ્રહ્માંડ' માટે જવાબદાર છે.

બાબુજી ‘કેન્દ્ર’માંથી નીકળતા પ્રકાશનું પણ વર્ણન કરે છે, જે એક "વર્તુળ" બનાવીને ‘કેન્દ્રીય ક્ષેત્ર’ની બહારની સીમા સુધી જાય છે. તેમણે "પ્રકાશ" શબ્દનો ઉપયોગ કર્યો છે, પરંતુ તેઓ કહે છે કે ખરેખર તો તેનું વર્ણન કરવા માટે કોઈ જ શબ્દ નથી. કદાચ આ પ્રકાશના કારણે જ ‘કેન્દ્રીય ક્ષેત્ર’ના સાત વર્તુળોને ‘ભવ્યતાના વર્તુળો’ એવું નામ મળ્યું છે. તમને શું લાગે છે? આપણે જે જાણીએ છીએ, તે એ જ છે કે ‘કેન્દ્રીય ક્ષેત્ર’માં પ્રવેશવા માટે ઓળંગવા પડતા વર્તુળને પસાર કરવાનો એક માત્ર રસ્તો પ્રેમનો પ્રકાશ-પથ જ છે અને તેના માટે જરૂર છે, ગુરુ પરની સંપૂર્ણ નિર્ભરતા.

હૃદયપૂર્વકની પ્રાર્થનાઓ સહીત,

કમલેશ

કાન્હા શાંતિ વનમ્

શ્રી કમલેશ પટેલના
૬૬મા જન્મદિવસ નિમિત્તે

૨૮ સપ્ટેમ્બર ૨૦૨૧

heartfulness
advancing in love

